બાળકોનું બાઈબલ
રજૂ કરે છે :

# પાઉલની આશ્ચર્ય પમાડનારી મુસાફરી



લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Janie Forest

અનુકૂલન : Ruth Klassen

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

નિર્માતા : Bible for Children
www.M1914.org

©2017 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.

પાઉલ અને સિલાસ,
ઈસુના સેવકો જેલમાં હતા.
ના, તેઓ એવું કાંઈ
ખોટું કામ કર્યું ન હતું. –
તેઓએ એક સ્ત્રીની અંદરથી
એક અશુદ્ધ આત્મા
હતો તે
કાઢી નાખ્યો
હતો. તેઓએ
મૂર્તિપૂજક લોકોને



જેઓ ફિલીપીમાં રહેતા
હતા તેમને સાચા ઈશ્વરનો
તથા તેના પુત્ર ઈસુનું
સામર્થ્ય બતાવવા માંગતા
હતા.તેના માટે તેમની
ધરપકડ થઈ, તેને ફટકા
મારવામાં
આવ્યા અને
જેલમાં પૂરી
દેવામાં આવ્યા.





કદાચ તમે
વિચારતા હશો કે
પાઉલ અને સિલાસે
આ બાબત માટે
ગુસ્સો અને કડવાશ
દાખવવી જોઈએ. પણ
તેઓએ એવું ન કર્યું.

સાચે કહેતા તેઓ
મધરાતે પણ ઈશ્વરની
આરાધના કરીને તેના
સ્તોત્રો ગાતા હતાં.
બધા બંદિવાનો અને
જેલનો દરોગો તે
સાંભળતો હતો.



એકાએક, ગાવાનું બંધ થઈ ગયું. ઈશ્વરે જેલને હલાવી નાંખવા માટે ધરતીકંપ મોકલ્યો. બધા જ દરવાજા ઉઘળી ગયા. દરેકની સાંકળો છૂટી થઈ ગઈ.





અરે ઓહ! જેલનો દરોગો વિચારતો
હશે કે આ ધમાલમાં બધા જ
કેદીઓ નાસી ગયા હશે. કદાચ
તેઓમાંનો એક પણ છટકી
જાય તો તેને મોતની સજા
થાય. દુ:ખની વાત કે
આ ગરીબ દરોગાએ
પોતાની તલવાર ખેંચી કાઢી.
જેથી તે પોતાનો નાશ કરીને
વાતને પતાવી દે.

પણ પાઉલે હાંક મારીને કહ્યું કે, “તું પોતાની જાતને નુકશાન ન પહોંચાડ અમે બધા અહીં જ છીએ.” જ્યારે દરોગાએ જોયું ત્યારે તેણે તેઓને પૂછ્યું કે, “સાહેબો મારા ઉદ્ધાર માટે મારે શું કરવું જોઈએ?”



તેથી તેઓ તેને કહ્યું
કે, "તું પ્રભુ ઈસુ પર
વિશ્વાસ કર એટલે
તું તથા તારા ઘરના
સઘળા ઉદ્ધાર પામશે."
આનંદભેર દરોગાએ
તેની વાતો પર
વિશ્વાસ કર્યો.





બીજા દિવસે જ્યારે
પાઉલ અને સિલાસને
છૂટા કરવામાં આવ્યા ત્યારે
તેઓ બીજા શહેરોમાં જઈને
લોકોને ઈસુ વિશે કહેવા
લાગ્યા. અમુક લોકોએ
તેમની વાત પર વિશ્વાસ
કર્યો, જ્યારે બીજા લોકોએ
તેમને મારવા
પ્રયત્નો કર્યા.



પણ ઈશ્વર તેમના
સેવકોની સાથે હતો. એક
રાત્રે, પાઉલે કલાકો સુધી
ભાષણ કર્યું. એક જુવાન
માણસ ઉપલીમેડીની
બારી પાસે બેઠો બેઠો સૂઈ
ગયો, તે ત્યાંથી નીચે
પડ્યો. તમે શું ધારો છો?

દરેકને લાગ્યું તે યુવાન મૃત્યુ પામ્યો હશે. પણ
પાઉલે નીચે જઈને તેને બાથમાં
લઈને કહ્યુ, “તેના જીવનમાં
જીવન છે.” તેઓ તે
યુવાન માણસને જીવતો
કરી લઈ આવ્યા.



પાઉલ અને સિલાસે જ્યારે યુરોપના પ્રદેશમાં મુસાફરી કરી ત્યારે ઘણા સાહસ ખેડ્યાં. તેઓમાંનું એક સાહસ એ હતું કે તે એક જહાજ લોખંડની પટ્ટીના સામાનથી બનેલા ન હતાં.



પણ તે હલેસા મારવાની મોટી
હોડીઓ સમાન હતી, તે
જહાજો સમુદ્રમાં આમતેમ
ફેંકાઈ શકે
તેમ હતાં.





પાઉલ એ વહાણમાં જઈ રહ્યો હતો.
- કારણ કે તેની ધરપકડ કરવામાં આવી હતી.
હવે તેને રોમ જે આખી દુનિયાની રાજધાની હતી
ત્યાં જઈને શહેનશાહની સામે હાજર થવાનું હતું.



સામા આવતા પવને વહાણને ધીમું કરી દીધું હતું. આગળ જાણે કે તોફાની વાતાવરણ હોય તેવું લાગતું હતું. ત્યાં ના રહેલા ખલાસીઓ, પાઉલ અને બીજા બંદીઓ માટે આ મુસાફરી કપરી હતી.

“ભાઈઓ, હું ધારૂ છું કે આ મુસાફરી આપણા માટે એક સંકટરૂપ પૂરવાર થઈ શકે તેમ છે.” પણ વહાણના કપ્તાને તેનું સાંભળ્યુ નહીં. તેઓ સમુદ્રમાં ચાલી નીકળ્યા.



જ્યારે ભારે તોફાન આવી ચઢ્યું ત્યારે
તેઓએ મોટા દોરડા લઈને વહાણને
જકડી રાખીને બચાવવા પ્રયત્ન
કર્યો. જો વહાણ તૂટી
જાય તો બધા લોકો
નાશ પામી શકે
તેમ હતું.




હવે વહાણ પછડાવા લાગ્યું, તેથી કપ્તાને દરેકને
વહાણનો સામાન ઓછો કરવા હુકમ કર્યો.
ત્રીજા દિવસે તેમણે ઘણો
સારો સામાન
પાણીમાં ફેંકી
દીધો. જેથી
તોફાનમાં
સહાય
થઈ શકે.

તે રાત્રે ઈશ્વરનો દૂત પાઉલ પાસે ખડો થયો અને તેને
જણાવ્યું બધું ઠીક થઈ જશે. બીજા લોકોને પ્રોત્સાહન
મળ્યું જ્યારે પાઉલે તેમને જણાવ્યું કે,
“હિંમત રાખો, ભાઈઓ,
જેમ ઈશ્વરે મને
કહ્યું તેમ જ
થનાર
છે.



છતાં આપણે એક ટાપુ પાસે આવીશું
ત્યારબાદ આપણું વહાણ
તૂટી જનાર છે.”



થોડા દિવસ પછી આ વહાણ
પવનના ધક્કાથી હડસેલાઈને માલ્ટા
નામના એક ટાપુ પાસે આવીને
રોકાઈ ગયું. ત્યાં છીંછરા ખડક પાસે
આવીને વહાણ તૂટી ગયું.




કપ્તાને હુકમ કર્યો કે જેઓ તરી શકે છે તેઓ પાણીમાં
કૂદી પડે અને જમીન પર જતા રહે. બાકીના અમૂક
લોકો વહાણ પર જ્યારે બાકીના
વહાણના તૂટેલા ભાગો પર લટકીને
સલામત રીતે જમીન પર
પહોંચી ગયા.

આ માલ્ટા ટાપુ પર ઈશ્વરે તેનું સામર્થ્ય બતાવ્યું. જ્યારે તેઓ આગની આસપાસ તાપી રહ્યાં હતા ત્યારે એક સાપ પાઉલ પર ધસી આવ્યો અને તેને કરડીને લટકી ગયો. લોકોએ વિચાર્યું કે તે મરી જશે.



પણ સાપની પાઉલ ઉપર કંઈ અસર
થઈ. તેથી લોકો વિચારવા લાગ્યા કે
પાઉલ એક દેવ છે. ઘણા માંદા
પાઉલની પાસે આવ્યા. જ્યારે
પાઉલે તેમના માટે પ્રાર્થના
કરી ત્યારે તેઓ
સાજા થયા.



આખરે પાઉલ રોમમાં આવ્યો. તેના કેસનો ચૂકાદો આવતા બે વર્ષ લાગ્યા. તે સમય દરમ્યાન પાઉલે એક ઘર ભાડે લીધું અને ઘણા મુલાકાતીઓને તેણે પોતાના ઘરમાં તેડાવ્યાં.



તમને ખબર છે પાઉલે આ મુલાકાતીઓને શું જણાવ્યું? ઈશ્વરના રાજ્ય વિશે વાતો કરી. પ્રભુ ઈસુ ખ્રિસ્ત! જેમ તે દરેક જગ્યામાં ઈશ્વરનો સેવક હતો તેમ તે રોમમાં પણ ઈશ્વરનો દાસ બની રહ્યો.



“હું સારી લડાઈ લડ્યો છું, મેં મારી દોડ પૂરી કરી છે, મેં વિશ્વાસ રાખ્યો છે,” પાઉલે રોમથી પત્રમાં લખ્યું. બાઈબલમાં લખવામાં આવ્યું નથી કે તેનું જીવન કેવી રીતે પુરું થયું.



પણ બીજી નોંધ પ્રમાણે રોમના શહેનશાહ નીરો દ્વારા પાઉલનો શિરચ્છેદ થયો હતો. જ્યાં સુધી તે જીવ્યો ત્યાં સુધી - તે ઈશ્વરનો વિશ્વાસુ સેવક રહીને દરેક વ્યક્તિને ઈસુ ખ્રિસ્ત વિશે જણાવતો રહ્યો.



# પાઉલની આશ્ચર્ય પમાડનારી મુસાફરી

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

પ્રેરિતોના કૃત્યો ૧૬, ૨૭, ૨૮

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

સમાપ્ત

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ
બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા
મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે
પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે
વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે.
ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે
તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની
માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે
તમારી પાસે હૃદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે
અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો  તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે
મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી
તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો.
જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી
શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું
તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ
વાત કરો યોહાન ૩:૧૬